સ્પોર્ટસ લાઈન

૧૧

શનિવાર ૨૩ મે, ૨૦૨૬

IPL 2026 આજની મેચ: LSG Vs PBKS ▶ સમય: સાંજે 7:30 વાગ્યે ▶ સ્થળ: લખનૌ

	ટીમ	મેચ	જીત	હાર	રદ	પોઈન્ટ	નેટ રન
Q	RCB	13	9	4	0	18	1.065
Q	GT	14	9	5	0	18	0.695
Q	SRH	13	8	5	0	16	0.350
	RR	13	7	6	0	14	0.083
	PBKS	13	6	6	1	13	0.227
	KKR	13	6	6	1	13	0.011
	CSK	14	6	8	0	12	-0.345
	DC	13	6	7	0	12	-0.871
	MI	13	4	9	0	8	-0.510
	LSG	13	4	9	0	8	-0.702

ચેન્નાઈના કેપ્ટન ઋતુરાજને સ્લો ઓવર રેટ બદલ 24 લાખનો દંડ

અમદાવાદ, તા. 22 (પીટીઆઈ): ચેન્નઈ સુપર કિંગ્સના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડને ગુજરાત ટાઈટન્સ સામેની આઈપીએલ મેચ દરમિયાન સ્લો ઓવર રેટ બદલ દંડ ફટકારવામાં આવ્યો છે. ગુરુવારે રમાયેલી અંતિમ લીગ મેચમાં ગુજરાત ટાઈટન્સે ચેન્નઈ સુપર કિંગ્સને 89 રનથી હરાવ્યું હતું. આ કારમી હાર સાથે જ પાંચ વખતની ચેમ્પિયન ચેન્નાઈની પ્લેઓફમાં ક્વોલિફાય થવાની છેલ્લી આશા પણ સમાપ્ત થઈ ગઈ છે. આઈપીએલની આચાર સંહિતા હેઠળ લઘુત્તમ ઓવર રેટના ગુના અંતર્ગત ચાલુ સીઝનમાં ચેન્નઈની ટીમનો આ બીજો ગુનો હોવાથી કેપ્ટન ગાયકવાડને 24 લાખ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, ઈમ્પેક્ટ પ્લેયર સહિત પ્લેઈંગ ઈલેવનના બાકીના તમામ સભ્યોને 6 લાખ રૂપિયા અથવા તેમની મેચ ફીના 25 ટકા, જે ઓછું હોય તે મુજબનો દંડ ફટકારવામાં આવ્યો છે.

હૈદરાબાદે બેંગલુરુ સામે 255 રનનો વિશાળ સ્કોર ખડક્યો

અભિષેક, ઈશાન અને ક્લાસેનની આક્રમક અડધી સદી

હૈદરાબાદ, તા. 22 (પીટીઆઈ): હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાયેલી IPL મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદે (SRH) રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) સામે 4 વિકેટે 255 રનનો વિશાળ સ્કોર બનાવ્યો છે. અભિષેક શર્માની તોફાની શરૂઆત, ઈશાન કિશનની શાનદાર બેટિંગ અને હેનરિક ક્લાસેનની આક્રમકતાના કારણે હૈદરાબાદની ટીમ હોમ ગ્રાઉન્ડ પર મોટો સ્કોર બનાવવામાં સફળ રહી હતી.

ઓપનર અભિષેક શર્માએ માત્ર 22 બોલમાં 56 રન ફટકારીને ટીમને મજબૂત શરૂઆત અપાવી હતી. તેણે ભુવનેશ્વર કુમારની ઓવરમાં સતત છગ્ગા મારીને તેને સેટ થવા દીધો ન હતો. બીજી તરફ, વાઈસ કેપ્ટન ઈશાન કિશને શાનદાર ફોર્મ જાળવી રાખતા 44 બોલમાં 79 રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી હતી. તેણે મેદાનની ચારેય દિશામાં ચોગ્ગા-છગ્ગા ફટકાર્યા હતા.

ત્યારબાદ હેનરિક ક્લાસેને (24 બોલમાં 51 રન) જોશ હેઝલવુડ જેવા વિશ્વ કક્ષાના બોલરની એક જ ઓવરમાં 27 રન ઝૂડી કાઢીને હૈદરાબાદને 250 નો આંકડો પાર કરાવ્યો હતો. અંતિમ ઓવરોમાં નીતીશ રેડ્ડીએ 12 બોલમાં અણનમ 29 રન બનાવીને ઈનિંગને શાનદાર અંત આપ્યો હતો. હૈદરાબાદના બેટ્સમેનોએ આખી ઈનિંગમાં કુલ 20 ચોગ્ગા અને 16 છગ્ગા ફટકાર્યા હતા. RCB ના બોલરો લાઈન અને લેન્થ જાળવવામાં સંપૂર્ણ નિષ્ફળ રહ્યા હતા.

સનરાઈઝર્સ હૈદરાબાદ	રન	બોલ	4	6
અભિષેક કો કોક્સ બો સુયશ	56	22	4	5
ટ્રેવિસ બો રાસિખ સલામ	26	16	5	0
ઈશાન કો પડીક્કલ બો રાસિખ	79	46	8	3
ક્લાસેન કો અય્યર બો પંડ્યા	51	24	2	5
નીતીશ રેડ્ડી નોટ આઉટ	29	12	1	3
વધારાના	14			
કુલ 20 ઓવરમાં 4 વિકેટે	255 રન			

વિકેટ પતન: 1-45, 2-97, 3-210, 4-255

બોલિંગ	O	M	R	W
ભુવનેશ્વર કુમાર	4	0	51	0
જોશ હેઝલવુડ	4	0	55	0
રાસિખ સલામ	4	0	52	2
સુયશ શર્મા	3	0	36	1
રોમારિયો શેફર્ડ	3	0	37	0
કૃણાલ પંડ્યા	2	0	24	1

વિનેશ ફોગાટ મામલે દિલ્હી હાઈકોર્ટે કુસ્તી ફેડરેશનને ઠપકો આપ્યો

માતૃત્વ દેશનું ગૌરવ, બદલાની ભાવના છોડો: હાઈકોર્ટ

એશિયન ગેમ્સની ટ્રાયલ્સમાં વિનેશના ભાગ લેવા અંગે હાઈકોર્ટ ટૂંક સમયમાં આદેશ જાહેર કરશે

નવી દિલ્હી, તા.22 (પીટીઆઈ): દિલ્હી હાઈકોર્ટે શુક્રવારે ભારતીય કુસ્તી મહાસંઘ (WFI)ની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. મહાસંઘે પ્રખ્યાત મહિલા કુસ્તીબાજ વિનેશ ફોગાટને સ્થાનિક સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે 'અયોગ્ય' જાહેર કરી હતી, જેની સામે કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે.

ચીફ જસ્ટિસ ડી કે ઉપાધ્યાય અને જસ્ટિસ તેજસ કારિયાની બેન્ચે કહ્યું કે, વિનેશ ફોગાટ આગામી એશિયન ગેમ્સની ટ્રાયલ્સમાં ભાગ લઈ શકશે કે નહીં તે અંગે કોર્ટ ટૂંક સમયમાં પોતાનો આદેશ જાહેર કરશે.

અદાલતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, વિનેશ ફોગાટ મેટરનિટી બ્રેક (માતૃત્વ રજા) બાદ રમત પર પરત ફરી રહી છે અને માતા બનવા બદલ આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત એથ્લેટનો બહિષ્કાર ન કરી શકાય. ફેડરેશને બદલાની ભાવનાથી કામ કરવું જોઈએ નહીં. વિનેશ ફોગાટે WFIની એ નીતિને પડકારી છે જે માત્ર અમુક ચોક્કસ ટુર્નામેન્ટના મેડલ વિજેતાઓને જ ટ્રાયલ્સમાં પ્રવેશ આપે છે. વિનેશે દલીલ કરી હતી કે આ લાયકાતનો સમયગાળો તેની ગર્ભાવસ્થા અને ડિલિવરી પછીના રિકવરી સમય સાથે ઓવરલેપ થતો હતો, જેથી આ નિયમ ભેદભાવપૂર્ણ છે.

કોર્ટે સુનાવણી દરમિયાન WFI દ્વારા વિનેશને અપાયેલી કારણ જણાવો નોટિસ સામે પણ ભારે નારાજગી વ્યક્ત કરી હતી, જેમાં વર્ષ 2024ની પેરિસ ઓલિમ્પિકમાં તેના ડિસ્ક્વોલિફિકેશનને 'રાષ્ટ્રીય શરમ' ગણાવવામાં આવ્યું હતું. કોર્ટે પૂછ્યું કે, ફાઇનલમાં પહોંચવું શું રાષ્ટ્રીય શરમ હતી?

કેન્દ્ર સરકારના વકીલે કોર્ટને જણાવ્યું કે, જો વિનેશ ટ્રાયલ્સ પાસ કરી લે, તો સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (SAI)ના નિયમો હેઠળ એશિયન ગેમ્સમાં ભાગ લેવા માટે લાયકાતના ધોરણોમાં છૂટછાટ આપી શકાય તેમ છે. અગાઉ WFI એ એન્ટી-ડોપિંગ નિયમો હેઠળ નિવૃત્તિમાંથી પરત ફરતા ખેલાડીઓ માટેના 6 મહિનાના નોટિસ પિરિયડનો હવાલો આપીને વિનેશ ફોગાટ પર 26 જૂન 2026 સુધી સ્થાનિક સ્પર્ધાઓમાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂક્યો હતો.

લખનૌ સામેની આજની મેચ પંજાબ માટે કરો યા મરોનો જંગ

પ્લેઓફની આશા જીવંત રાખવા પંજાબ કિંગ્સ આજે જીતવું જરૂરી

લખનઉ પંજાબનો ખેલ બગાડવા તૈયાર

મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર સાંજે 7.30 વાગ્યાથી

લખનઉ, તા. 22 (પીટીઆઈ): આઈપીએલ 2026માં પંજાબ કિંગ્સ માટે પ્લેઓફની આશાઓ જીવંત રાખવા માટે શનિવારે લખનૌ સુપર જાયન્ટ્સ સામે રમાનારો મુકાબલો ખૂબ જ મહત્વનો બની ગયો છે. પંજાબની ટીમ એક સમયે 7 મેચમાંથી 6 જીત સાથે ટાઈટલની પ્રબળ દાવેદાર લાગતી હતી, પરંતુ ત્યારબાદ સતત 6 હારનો સામનો કરવો પડતાં હવે તેમનું ભવિષ્ય અન્ય ટીમોના પરિણામો પર નિર્ભર છે.

પ્લેઓફમાં પહોંચવા માટે પંજાબે માત્ર લખનૌને હરાવવું જ જરૂરી નથી, પરંતુ રવિવારે રમાનારી અન્ય મેચોમાં મુંબઈ ઈન્ડિયન્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સની હાર માટે પણ પ્રાર્થના કરવી પડશે. જો રાજસ્થાન રોયલ્સ જીતી જશે તો પંજાબની આશાઓ સત્તાવાર રીતે સમાપ્ત થઈ જશે, જ્યારે કોલકાતાની જીત બાદ નેટ રન રેટના આધારે પ્લેઓફની ચોથી ટીમ નક્કી કરાશે.

શ્રેયસ અય્યરની આગેવાની હેઠળની પંજાબની ટીમનું તાજેતરનું ફોર્મ ઘણું નબળું રહ્યું છે અને તમામ વિભાગોમાં ખામીઓ જોવા મળી રહી છે. પ્રિયાંશ આર્ય, પ્રભસિમરન સિંહ અને કૂપર કોનોલી જેવા આક્રમક ટોપ ઓર્ડરના બેટ્સમેનો શરૂઆતની મેચો જેવી વિસ્ફોટક શરૂઆત અપાવવામાં નિષ્ફળ રહ્યા છે. કેપ્ટન અય્યરનું ફોર્મ પણ સતત છ હાર દરમિયાન ઘણું નીચે ગયું છે અને તે આ ગાળામાં માત્ર 1 વાર જ 50 રનનો આંકડો પાર કરી શક્યો છે. આ ઉપરાંત ટીમની બોલિંગ અને નબળા ફિલ્ડિંગે પણ મુશ્કેલીઓ વધારી દીધી છે.

બીજી બાજુ, લખનૌ સુપર જાયન્ટ્સની ટીમ છેલ્લી 10 મેચોમાંથી માત્ર 2 જીત મેળવી શકી હોવાથી તે પ્લેઓફની રેસમાંથી પહેલા જ બહાર થઈ ચૂકી છે. છેલ્લી મેચમાં તેમને રાજસ્થાન રોયલ્સ સામે 7 વિકેટે હારનો સામનો કરવો પડ્યો હતો.

3-ડી ક્રિકેટર વિજય શંકરે નિવૃત્તિની જાહેરાત કરી

વર્લ્ડકપમાં પ્રથમ જ બોલે વિકેટ લેનારો ભારતનો એકમાત્ર બોલર ક્રિકેટને અલવિદા કહેતા ભાવુક થયો

નવી દિલ્હી, તા. 22 (પીટીઆઈ): ભારતીય ઓલરાઉન્ડર વિજય શંકરે શુક્રવારે સ્થાનિક ક્રિકેટ, આંતરરાષ્ટ્રીય ક્રિકેટ અને IPLમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી છે. 35 વર્ષીય આ ખેલાડીએ સોશિયલ મીડિયા પર પોતાની નિવૃત્તિની ભાવુક પોસ્ટ શેર કરી હતી.

મૂળ તમિલનાડુના અને ત્રિપુરા તરફથી રમનારા વિજય શંકરે ભારત માટે 12 વન-ડે અને 9 ટી20 મેચ રમી છે. વન-ડેમાં તેણે 223 રન બનાવ્યા છે અને 4 વિકેટ તેમજ ટી20માં 101 રન બનાવ્યા છે અને 5 વિકેટ ઝડપી છે. તેણે પોતાના કરિયરમાં CSK, SRH, DC અને ગુજરાત ટાઈટન્સ સહિત 4 આઈપીએલ ટીમોનું પ્રતિનિધિત્વ કર્યું છે, જેમાં તેણે 78 મેચમાં 1233 રન બનાવ્યા હતા અને તે 2022માં ખિતાબ જીતનારી ગુજરાતની ટીમનો ભાગ હતો. વિજયે વર્ષ 2019ના વન-ડે વર્લ્ડકપમાં પાકિસ્તાન સામે પોતાની પ્રથમ જ બોલ પર વિકેટ ઝડપી હતી, આમ કરનાર તે પ્રથમ ભારતીય છે. વર્ષ 2019ના વર્લ્ડકપમાં અંબાતી રાયડુના સ્થાને પસંદગીકાર એમએસકે પ્રસાદે તેને બેટિંગ, બોલિંગ અને ફિલ્ડિંગ એમ ત્રણેય વિભાગોમાં કુશળ ગણાવીને 3D ખેલાડી તરીકે ટીમમાં પસંદ કર્યો હતો, ત્યારથી તે '3D ક્રિકેટર' તરીકે ઓળખાય છે. જોકે, વર્લ્ડકપમાં ખરાબ ફોર્મને કારણે તેને સોશિયલ મીડિયા પર ભારે નફરત અને ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો હતો.

રોનાલ્ડોએ અલ-નાસરના ટ્રોફીના દુકાળનો અંત આણ્યો

દમેક સામે 4-1થી જીતમાં રોનાલ્ડોએ 2 ગોલ કર્યા

ચાહકોએ ઊભા થઈને આપ્યું સન્માન, રોનાલ્ડો ભાવુક થયો

રિયાધ, તા. 22 (એપી): ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ આખરે અલ-નાસર ક્લબ સાથે પોતાનો પહેલો મોટો ખિતાબ જીતી લીધો છે. ગુરુવારે રમાયેલી મેચમાં અલ-નાસરે દમેકને 4-1થી હરાવીને સાઉદી પ્રો લીગનું ટાઈટલ પોતાના નામે કર્યું હતું.

જાન્યુઆરી 2023માં ક્લબ સાથે જોડાયા બાદ 3 વર્ષથી વધુ સમયના લાંબા ઈન્તજાર પછી રોનાલ્ડોએ ટીમને ચેમ્પિયન બનાવી છે. આ રોમાંચક જીત સાથે અલ-નાસર 34 મેચોની સીઝનમાં પોતાના કટ્ટર હરીફ અલ-હિલાલ કરતાં 2 પોઈન્ટ આગળ રહીને ટેબલમાં ટોચ પર રહ્યું હતું. અગાઉ અલ-નાસરે વર્ષ 2019માં લીગ ટાઈટલ જીત્યું હતું, આ તેમનો 11મો લીગ ખિતાબ છે.

આ ઐતિહાસિક જીતમાં 41 વર્ષીય સ્ટાર ખેલાડી રોનાલ્ડોએ 2 શાનદાર ગોલ કર્યા હતા. મેચ પૂરી થવાની 3 મિનિટ પહેલાં જ્યારે રોનાલ્ડોને મેદાનની બહાર બોલાવાયો, ત્યારે સ્ટેડિયમમાં હાજર તમામ ચાહકોએ ઊભા થઈને તાળીઓ પાડી તેને સન્માન આપ્યું હતું. આ ક્ષણે પાંચ વખતનો બેલોન ડી'ઓર વિજેતા રોનાલ્ડો અત્યંત ભાવુક થઈ ગયો હતો અને તેની આંખોમાંથી ખુશીના આંસુ વહી આવ્યા હતા. મેચ બાદ તેણે માથા પર કપડું બાંધીને સ્ટેજ પર ટ્રોફી લીધી હતી અને ચાહકો સાથે ડ્રમ વગાડીને અનોખી શૈલીમાં વિજય ઉત્સવ મનાવ્યો હતો. આ ખિતાબ આગામી વિશ્વકપ પહેલાં રોનાલ્ડોનો આત્મવિશ્વાસ વધારવામાં ખૂબ મહત્વનો સાબિત થશે.

સુડોકુ ૬૫૩૦ - 'શ્રુતિ'

	૧	૯	૫		૩			૬
	૮		૯	૧			૭	
		૫					૧	૯
૮	૩	૪	૨		૫	૭		૧
૯			૮		૧		૫	૪
	૨		૭	૪			૩	૮
	૯		૧	૬			૪	૩
૭		૬			૯		૮	
	૫	૩	૪	૨		૬		૭

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઈએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

ગૂમડા

પુત્રંજીવા એક વૃક્ષનુ નામ છે જે જીયાપોતા નામે પણ ઓળખાય છે. એના બીજની મીંજ કાઢી એનો લેપ કરવાથી ગૂમડા ની પીડા મટે છે. ભગંદર જેવા વ્યાધિ પર લેપ ઉપરાંત ત્રિફલા ગુગળ ની બે બે ગોળી સવાર સાંજ લેવી.

અનુસંધાન... પાના પહેલાનું

રાજ્યસભાની 18મીની...

માટે રાજકીય ગરમાવો તેજ બન્યો છે. રાજ્યસભામાંથી કોંગ્રેસનું ગુજરાતમાંથી પ્રતિનિધિત્વ સંપૂર્ણપણે ખતમ થવાની પરિસ્થિતિ ઊભી થઈ રહી છે. કોંગ્રેસના રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલની મુદત 21 જૂને પૂર્ણ થવાની છે. તેમની નિવૃત્તિ બાદ ગુજરાતમાંથી રાજ્યસભામાં કોંગ્રેસનો એકપણ સભ્ય નહીં રહે તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. તેમની સાથે ભાજપના નરહરી અમીન, રામ મોકરીયા અને રમીલાબેન બારાની પણ રાજ્યસભાની મુદત પૂર્ણ થઈ રહી છે.

વિશ્વના સૌથી...

અયોધ્યા જેવા સ્થળોએ બપોર પહેલા જ તાપમાન 42C થી 43C વચ્ચે નોંધાયું હતું. ભારતીય હવામાન વિભાગ (IMD) એ પહેલાથી જ ચેતવણી આપી છે કે આ અઠવાડિયા દરમિયાન ઉત્તર-પશ્ચિમ અને મધ્ય ભારતમાં હીટવેવથી લઈને ગંભીર હીટવેવની સ્થિતિ ચાલુ રહેવાની સંભાવના છે, અને આ માટે કેટલાય રાજ્યોમાં રેડ અને ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યા છે. દેશના કેટલાક ભાગોમાં અતિશય ગરમીના કારણે હોસ્પિટલોમાં ઝાડા-ઊલટી અને ડિહાઈડ્રેશનથી પીડાતા દર્દીઓની લાંબી કતારો પણ જોવા મળી છે, જ્યારે આપતા ગુજરાત રાજ્યમાં કેટલાક સ્થળે પાણીની અછતના અહેવાલો મળી રહ્યા છે.

હાઇકોર્ટના ચુકાદા...

ગર્ભગૃહ અને પરિસરના કેટલાક ભાગોને રંગોળી અને ફૂલોથી શણગારવામાં આવ્યા હતા, જ્યાં શ્રદ્ધાળુઓ દર્શન અને પૂજા માટે કતારમાં ઉભા રહ્યા હતા. બીજી તરફ, ભોજશાલા કેસમાં કોર્ટના આંચકાજનક ચુકાદા બાદ મુસ્લિમ સમુદાયના સભ્યોએ વિરોધના પ્રતીક રૂપે કાળી પટ્ટીઓ બાંધીને પોતાના ઘરોના આંગણામાં અને ખાનગી પરિસરમાં શુક્રવારની નમાઝ અદા કરી હતી. સ્થાનિક મુસ્લિમ નેતા અબ્દુલ સમદે જણાવ્યું હતું કે સમુદાય હાઈકોર્ટના ચુકાદાને માન આપે છે પરંતુ આ નિર્ણયથી સંતુષ્ટ નથી. તેમણે કહ્યું, અમે અમારા ઘરોમાં જુમ્માની નમાઝ પઢીને અને કાળી પટ્ટીઓ પહેરીને શાંતિપૂર્ણ રીતે અમારો વિરોધ નોંધાવ્યો છે. સમદે જણાવ્યું હતું કે હાઈકોર્ટના આદેશને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે અને તેમણે ન્યાય મળવાની આશા વ્યક્ત કરી હતી.

દિલ્હી રમખાણના...

પર લાગેલા આરોપોની ભૂમિકા પર આધારિત હતો, તેનો અર્થ એવો નથી કે અનુચ્છેદ ૨૧ (જીવવાનો અને વ્યક્તિગત સ્વાતંત્ર્યનો અધિકાર) ને ગૌણ ગણવામાં આવ્યો હતો. અદાલતે દિલ્હી રમખાણોના બે આરોપીઓ અબ્દુલ ખાલિદ સૈફી અને તસ્લીમને કેટલીક શરતોને આધીન છ મહિનાના વચગાળાના જામીન આપ્યા છે. કોર્ટે જણાવ્યું હતું કે જો આરોપીઓ દ્વારા લાદવામાં આવેલી શરતોનું ઉલ્લંઘન કરવામાં આવે, તો પ્રોસિક્યુશન આ બંનેના જામીન રદ કરવાની માંગ કરી શકે છે. કાનૂની પ્રશ્ન પર સત્તાવાર અને નિર્ણાયક ચુકાદા માટે, યોગ્ય બેંચની રચના કરવા બાબતે આ મામલાને ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્ય કાંત સમક્ષ રજૂ કરવાનો નિર્દેશ બેંચ દ્વારા આપવામાં આવ્યો છે. બે અપીલકર્તાઓને જામીન નકારવામાં આવ્યા હતા જેમાં અનુચ્છેદ ૨૧ને કલમ ૪૩ડી(૫) [Section 43D(5)] કરતાં ગૌણ ગણવામાં આવી હતી તેવું નહોતું, પરંતુ એટલા માટે કે, આરોપી-વિશિષ્ટ મૂલ્યાંકનના આધારે, અદાલતે શોધી કાઢ્યું કે તેમની ભૂમિકા, તેમની સામે પ્રાથમિક દ્રષ્ટિએ ઉપલબ્ધ સામગ્રી અને કેસની સુનાવણી સંબંધિત ચિંતાઓને જોતાં, તે તબક્કે કાયદાકીય પ્રતિબંધને બાજુ પર રાખવો ન્યાયી નહોતો.

રાજ્યસભાની 26...

નિવૃત્તિને કારણે ખાલી પડી રહેલી ૨૬ રાજ્યસભા બેઠકો માટે ૧૮ જૂને ચૂંટણી યોજાશે. એક નિવેદનમાં ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, ૧૦ રાજ્યોની ૨૪ બેઠકો પરના વર્તમાન સાંસદો ૨૧ જૂનથી ૧૯ જુલાઈ દરમિયાન અલગ-અલગ તારીખોએ નિવૃત્ત થઈ રહ્યા છે, જ્યાં રાજ્યસભાની ચૂંટણીઓ યોજાશે. જે કુલ ૨૬ બેઠકો પર ચૂંટણી થઈ રહી છે, તેમાંથી હાલમાં એનડીએ પાસે ૧૮, કોંગ્રેસ પાસે ચાર, જ્યારે જેએમએમ પાસે એક અને વાયએસઆરસીપી પાસે ત્રણ બેઠકો છે.

રાજ્યસભાની આ ચૂંટણી આંધ્રપ્રદેશ, ગુજરાત અને કર્ણાટકમાં ચાર-ચાર બેઠકો, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ત્રણ-ત્રણ બેઠકો, ઝારખંડમાં બે બેઠકો અને મણિપુર, મેઘાલય, અરુણાચલ પ્રદેશ તેમજ મિઝોરમમાં એક-એક બેઠક પર યોજાશે. આ ઉપરાંત મહારાષ્ટ્ર અને તમિલનાડુની પણ એક-એક બેઠક માટે ૧૮ જૂને મતદાન થશે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર નામાંકન દાખલ કરવાની છેલ્લી તારીખ ૮ જૂન છે.

એક અલગ જાહેરનામામાં, ચૂંટણી પંચે મહારાષ્ટ્રમાં એનસીપીના સુનેત્રા પવાર અને તમિલનાડુમાં એઆઈએડીએમકેના સી. વી. શણમુગમ રાજ્ય વિધાનસભામાં ચૂંટાયા બાદ આપેલા રાજીનામાને કારણે ખાલી પડેલી બેઠકો પર પેટાચૂંટણીની પણ જાહેરાત કરી છે. રાજ્ય વિધાનસભામાં પોતાની તાકાતના આધારે એનડીએ પવારની બેઠક જીતવા માટે તૈયાર છે, જ્યારે તમિલનાડુની પેટાચૂંટણી વાળી એકમાત્ર રાજ્યસભા બેઠક ટીવીકેને મળવાની સંભાવના છે. પવારની બેઠકનો કાર્યકાળ ૪ જુલાઈ, ૨૦૨૮ સુધીનો રહેશે, જ્યારે તમિલનાડુની બેઠકનો કાર્યકાળ ૨૯ જૂન, ૨૦૨૮ સુધીનો રહેશે.

આંધ્રપ્રદેશમાં ટીડીપી (TDP) ઉપલા ગૃહ (કાઉન્સિલ ઓફ સ્ટેટ્સ) ની ચારેય બેઠકો જીતશે અને ગુજરાતમાં ભાજપ ચારેય બેઠકો પર વિજય મેળવશે. ઝારખંડમાં જેએમએમ-કોંગ્રેસ ગઠબંધન બંને બેઠકો જીતે તેવી સંભાવના છે, પરંતુ ભાજપ જેની પાસે પોતાની ૨૧ બેઠકો છે, તે વિપક્ષના ચાર સભ્યોના ક્રોસ વોટિંગની મદદથી એક બેઠક મેળવવાનો પ્રયાસ કરી શકે છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં પક્ષોની વર્તમાન સંખ્યાના આધારે કોંગ્રેસને એક-એક બેઠક મળશે જ્યારે ભાજપ બંને રાજ્યોમાં બબ્બે બેઠકો જીતશે. કર્ણાટકમાં કોંગ્રેસ ત્રણ બેઠકો જીતશે અને ભાજપને માત્ર એક બેઠક મળશે.

મલેશિયા માસ્ટર્સ: અશ્મિતા ચલિહા ક્વાર્ટર ફાઇનલમાં હારીને બહાર

એક કલાકથી વધુ ચાલેલા રોમાંચક મુકાબલામાં અશ્મિતાએ શાનદાર લડત આપી

કુઆલાલુમ્પુર, તા. 22 (પીટીઆઈ): મલેશિયા માસ્ટર્સ સુપર-500 બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં ભારતની અશ્મિતા ચલિહાની શાનદાર સફરનો ક્વાર્ટર ફાઇનલમાં અંત આવ્યો છે.

શુક્રવારે કુઆલાલમ્પુરના એક્સિઆટા એરેના ખાતે રમાયેલી મહિલા સિંગલ્સની રોમાંચક મેચમાં વિશ્વ ક્રમાંક 71 ધરાવતી અશ્મિતા ડેનમાર્કની વિશ્વ ક્રમાંક 23 અને આઠમી ક્રમાંકિત લાઇન હોજમાર્ક કજેર્સફેલ્ડ સામે 23-21, 18-21, 11-21 થી હારી ગઈ હતી. એક કલાકથી વધુ ચાલેલી આ રસાકસીભરી મેચમાં અશ્મિતાએ પહેલી ગેમ જીતીને શાનદાર શરૂઆત કરી હતી, પરંતુ તે આ લય જાળવી શકી ન હતી.

જમણા ઘૂંટણની સર્જરી બાદ 8 મહિનાના લાંબા આરામ પછી પુનરાગમન કરી રહેલી અશ્મિતાએ પહેલી ગેમમાં બ્રેક સુધી 11-6ની લીડ મેળવી લીધી હતી અને અંતે 23-21થી ગેમ પોતાના નામે કરી હતી. બીજી ગેમમાં પણ તે 10-5થી આગળ હતી, પરંતુ ડેનિશ ખેલાડીએ જોરદાર વાપસી કરીને સ્કોર 13-13 સરખો કર્યો અને પછી 21-18થી ગેમ જીતીને મેચને નિર્ણાયક ગેમમાં ખેંચી ગઈ હતી. ત્રીજી અને અંતિમ ગેમમાં લાઇને શરૂઆતથી જ 8-4 ની મજબૂત લીડ બનાવીને અશ્મિતાને વાપસીની કોઈ તક આપી નહોતી અને સેમિફાઇનલમાં પ્રવેશ મેળવ્યો હતો.

શબ્દગુંફન - ૭૨૨૭

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. એક નાનું વગડાઉ પંખી (૫)
૫. દીવો, દીપક (૨)
૭. તરફદારી (૪)
૮. અઘીરાઈનું આકળાપણું (૪)
૧૦. જાનવર, જનાવર (૨)
૧૧. વિક્રમ સંવતનો એક મહિનો (૨)
૧૨. શરીરની અંદર થતી પીડા (૪)
૧૪. લગ્નની મોસમ (૫)
૧૯. હેરાનગતિ (૪)
૨૧. વિદાયગીરી (૪)
૨૪. તંતુ, દોર (૨)
૨૫. ધૂન, મસ્તી (૨)
૨૭. નસીબ, કિસ્મત (૪)
૩૦. તેજ, ભપકો (૩)
૩૨. મૃત્યુના દેવ (૨)
૩૩. હવા, વાયુ (૩)
૩૪. સૈન્ય, છાવણી (૩)

ઊભી ચાવી

૧. મિત્ર (૨)
૨. ઘોડેસવાર પલટણ (૩)
૩. વિનાનું, વગરનું (૩)
૪. ઘોડેસવાર લશ્કર (૪)
૬. કુહાડી, ફરશી (૩)
૮. સ્નેહ, પ્રીત (૩)
૯. પવિત્ર, શુદ્ધ (૩)
૧૦. પારકું, અન્ય (૨)
૧૨. કુદરતી બરફના કકડા (૨)
૧૩. પુત્ર (૩)
૧૫. ઊંડું, ગાઢું (૩)
૧૬. એક ને પા (૨)
૧૭. ટોચ, છેડો (૨)
૧૮. ભાઈ (૨)
૧૯. પાછું (૩)
૨૦. ખબર, હુકમ (૩)
૨૨. વગાડવું તે (૩)
૨૩. 'સીતા ઔર...' (૨)
૨૬. આંખ (૩)
૨૮. છળ, પ્રપંચ (૩)
૨૯. નકામું, બાદ કરેલું (૨)
૩૦. ગુસ્સો, આવેગ (૨)
૩૧. પ્યાલો (૨)



આજનું પંચાંગ

તા.23/05/2026, શનિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** અધિક જેઠ
તિથિ: સુદ: આઠમ: 28:28- દુર્ગાષ્ટમી
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : જૈઠ: 02
યોગ : ધ્રુવ **કરણ:** વિષ્ટી
નક્ષત્ર : મઘા:- 26:10
રાશિ: સિંહ (મ.ટ.)
દિવસ : અશુભ- બુધનો પશ્ચિમમાં ઉદય
સુરતમાં સૂર્યોદય : 06:00 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:11
નવકારસી : 06:48
પારસી વર્ષ : 1395 દએ માસનો 12મો રોજ
મુસલમાન વર્ષ : 1447 જિલ્હેજ માસનો 05મો રોજ
દિવસનાં ચોઘડિયાં: કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ,
રાત્રિનાં ચોઘડિયાં: લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
રાહુ કાળ : સવારે:- 09:30 થી 11:00 સુધી

આપની આજ

જયોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): માનસિક અશાંતિ સતાવે. આર્થિક વ્યવહારમાં ઉતાવળ કરવી નહી. પ્રેમમાં ગેરસમજથી અવિશ્વાસ વધે.

વૃષભ (બ,વ,ઉ,): બહારના કામનો બોજ વધે. ઘરમાં વડીલોની સમસ્યા સતાવે. પડવા-વાગવાથી સાવધાન રહેવું.

મિથુન (ક,છ,ઘ,): વધુ પડતો આત્મવિશ્વાસ ઉતાવળિયા બનાવે. ભુલોથી નુકસાન થાય. મિત્રો સાથે વિવાદ થાય.

કર્ક (ડ,હ,): વાણી પર કાબૂ રાખવો. ઘરમાં તાલમેળ ઓછો રહે. અચાનક ખર્ચા વધશે.

સિંહ (મ,ટ,): પડવા-વાગવાથી સાવધાન રહેવું. સમાજમાં અપયશ મળે. નોકરીમાં અશાંતિ વધે.

કન્યા (પ,ઠ,ણ,): કોર્ટ, કચેરીમાં વિલંબ થાય. ખર્ચા વધે. સામાજિક પ્રશ્નો સતાવે. અણગમતા સમાચાર મળે.

તુલા (ર,ત,): ઈર્ષાળુ મિત્રોથી સાવધાન. સંતાનોની સમસ્યા સતાવે. પ્રેમમાં અશાંતિ વધે. મનોરંજન પ્રવાસ થાય.

વૃશ્ચિક (ન,ય,): નોકરી-ધંધામાં જવાબદારી વધે. વડીલો સાથે ઘર્ષણ થાય. સ્ત્રી વર્ગથી પરેશાની આવી શકે છે.

ધન (ભ,ધ,ફ,ઢ,): આરોગ્ય નરમ રહે. ધાર્મિક પ્રસંગમાં જવાનું બને. આવક વધે. શુભ સમાચાર મળે.

મકર (ખ,જ,): વિશ્વાસઘાતથી સાવધાન. આધ્યાત્મિક શાંતિ મળે. વીલ-વારસા બાબતે સાવધાની રાખવી.

કુંભ (ગ,સ,શ,ષ,): રોજના કામમાં શાંતિ મળે. નોકરી-ઘંઘામાં અનુકૂળતા રહે. દાંપત્ય જીવનમાં અશાંતિ પેદા થાય.

મીન (દ,ચ,ઝ,થ,): નોકર-ચાકરથી સાવધાન આરોગ્યની સમસ્યા સતાવે. સ્ત્રી વર્ગથી સાવધાન રહેવું.

કોઈ પણ સાલમાં 23 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષ અને નવી જવાબદારી વધારનાર રહેશે. નોકરી-ધંધા-પ્રવાસમાં હરીફો-પરેશાન કરે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉઘરાણીની ચિંતા રહે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. નવા ઘર, વાહન, મકાનની યોજના મધ્યમ વર્ગમા પાર પડે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વિદેશનો કામ ધીમાં પડે. સંતાનોના અભ્યાસ કેરિયરમાં સામાન્ય રહે. ટેકનોલોજી અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવાનું બને. વારસા, જાયદાદ, જમીનનો કામ ધીમાં પડે. મિત્રો-વડીલોની મદદ આવક વધારવામાં મળે. યાત્રા, પ્રવાસ, ધર્મ-કર્મ થાય. મે-જૂન તથા ઓગસ્ટ, સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર 5,14,23 તારીખે નવાં કામ કરતાં રહેવુ. લીલાં રંગનો ઉપયોગ કરવો. જૂન-જુલાઈ, શનિવાર 7,16,25 તારીખે નવાં કામ ટાળવાં. કાળો અને લાલ રંગ ઓછો વાપરવો. બુધવારના ઉપાય કરતાં રહેવું.